**File No.DGGI/AZU/INT/GST/2728/2025-GrC, સેન્ટ્રલ જી.એસ.ટી. અધિનિયમ, ૨૦૧૭ ની કલમ 132(1)(b), 132(1)(c) ના કામે અરજદાર/આરોપી : Sakariya Jatin Maheshbhai ની રેગ્યુલર જામીન અરજી (ફોજદારી પરચુરણ અરજી નં.૨૨૭૩/૨૦૨૬) હેઠળ હુકમ.**

---

૧. જામીન અરજી, એફીડેવીટ–ઈન–રીપ્યાલ, પેપર્સ, પ્રોડકશન રીપોર્ટ તથા સંલગ્ન કાગળો ધ્યાને લઈ, અરજદાર/આરોપી તરફે વિ.વ.શ્રી વારીસ ઈસાની તથા પ્રોસિકયુશન તરફે વિ. સ્પે. પી. પી.શ્રીને સાંભળ્યા.

૨. અરજદાર/આરોપીની જામીન અરજી આંક–૧ હેઠળ હુકમ કરવામાં આવી રહેલ હોય અરજીના તમામ કથનોનું પુર્નાવર્તન કરવામાં આવેલ નથી.

૩. File No.DGGI/AZU/INT/GST/2728/2025-GrC,સેન્ટ્રલ જી.એસ.ટી. અધિનિયમ,૨૦૧૭ ની કલમ 132(1)(b),132(1)(c)ના કામે અરજદાર/ આરોપી : Sakariya Jatin Maheshbhai જ્યુડીશીયલ કસ્ટડીમાં હોય જામીન ઉપર મુકત થવા હાલની અરજી કરેલ છે.

૪. અરજદાર/આરોપીના વિ.વ.શ્રી વારીસ ઈસાનીનાઓએ મુખ્યત્વે દલીલ છે કે, હાલના આરોપી પોતાના નામે કોઈ જી.એસ.ટી. રજીસ્ટ્રેશન ધરાવતા નથી. આ કામે રજુ થયેલ એરેસ્ટ મેમો ધ્યાને લેતાં તેમાં હાલના આરોપીને ખોટી રીતે ગુનાહિત કાવતરાના મુખ્ય સુત્રધાર વ્યકિત તરીકે દર્શાવવામાં આવેલ છે. આરોપી પોતાના નામે કોઈ જી.એસ.ટી. રજીસ્ટ્રેશન ધરાવતા નથી તેમજ સદરહુ કાયદા હેઠળ કોઈ કર ભરવાની જવાબદારી આરોપીના શિરે રહેલ નથી. ફરિયાદી ડીપાર્ટમેન્ટ ધ્વારા મીકેનિકલ રીતે આરોપીને એરેસ્ટ મેમો આપવામાં આવેલ છે અને જે એરેસ્ટ મેમોમાં જી.એસ.ટી. એકટની કલમ ૧૩૨(૧) હેઠળના કલોઝ (એ) થી (ડી) સુધીના ચોકકસ કયા કલોઝમાં આરોપીને અટક કરવામાં આવેલ છે તે દર્શાવવામાં આવેલ નથી.

૫. વધુમાં, અરજદાર /આરોપીના વિ.વ.શ્રીની મૌખિક દલીલો મુજબ, જી.એસ.ટી. એકટની કલમ ૧૩૨(૧)ની જોગવાઈ ધ્યાને લેતાં હાલના આરોપીએ કોઈ બેનીફીટ રીટેન કરેલ નથી. આ કામે રજુ થયેલ એરેસ્ટ મેમો, ગ્રાઉન્ડ ઓફ એરેસ્ટ અને રીઝન ટુ બિલીવમાં આરોપી સામે આક્ષેપિત ગુનાની જોગવાઈઓ જુદી જુદી દર્શાવવામાં આવેલ છે. જે ધ્યાને લેતાં ફરિયાદપક્ષના અધિકારીઓ ધ્વારા આરોપી સામે ધ્વૈશભાવ રાખી તેઓને અટક કરવામાં આવેલ હોવાનું માની શકાય તેમ છે.

૬. વધુમાં,અરજદાર/આરોપીના વિ.વ.શ્રીની મૌખિક દલીલો મુજબ, અરજદાર/આરોપી તે હાર્દિક પંચાલ ને ત્યાં એકાઉન્ટન્ટ તરીકે માસિક રૂ.૨૫,૦૦૦/- ના પગારથી નોકરી કરતા હતા. ફરિયાદી ડીપાર્ટમેન્ટ ધ્વારા જી.એસ.ટી. એકટની કલમ ૬૭(૨) મુજબ ઓફીસ નં.૩૦૫, રાઠોડ ચેમ્બર્સ, રાજકોટ, ગુજરાત ખાતે તા.૨૫/૨૬-૨-૨૦૨૬ ના કલાક ૧૭:૧૪ વાગે સર્ચની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ અને જે સર્ચની કાર્યવાહી દરમ્યાન ફરિયાદી ડીપાર્ટમેન્ટ ધ્વારા કરવામાં આવેલ પંચનામું હાલની જામીન અરજી સાથે એનેક્ષર-સી થી રજુ કરવામાં આવેલ છે. જે પંચનામાની વિગતો ધ્યાને લેતાં તેમાં દર્શાવેલ બન્ને પંચ સાહેદો અમદાવાદના રહીશો છે. ફરિયાદી ડીપાર્ટમેન્ટ ધ્વારા સર્ચવાળા સ્થળની નજીકના કોઈ પંચોને સાથે રાખી પંચનામુ કરવામાં આવેલ નથી. વધુમાં, પંચનામા વખતે શ્રી વૈભવ બોરીચા સ્થળ ઉપર હાજર ન હોવા છતાં પંચનામામાં શ્રી વૈભવ બોરીચા ઓફીસ કેબીનમાં બેસેલ હોવાનું ખોટી રીતે દર્શાવવામાં આવેલ છે. પંચનામામાં શ્રી વૈભવ બોરીચાની કોઈ સહી નથી. પંચનામામાં માત્ર જતીન સાકરીયાની સહી મેળવવામાં આવેલ છે. શ્રી વૈભવ બોરીચાની અટકાયત એચ.આર.આંગડીયા પેઢીની ઓફીસમાંથી કરવામાં આવેલ છે.

૭. વધુમાં, અરજદાર /આરોપીના વિ.વ.શ્રીની મૌખિક દલીલો મુજબ, સર્ચની કાર્યવાહી દરમ્યાન ફરિયાદી ડીપાર્ટમેન્ટ ધ્વારા ઈલેકટ્રોનિકસ ગેઝેટસ જેવા કે મોબાઈલ ફોન અને લેપટોપ કબજે લઈ તેના ડેટા મેળવવાની કામગીરી સાયન્ટીફીક ઓફીસરો મારફતે કરવામાં આવેલ છે. વધુમાં, સર્ચની કાર્યવાહી દરમ્યાન ફરિયાદી ડીપાર્ટમેન્ટના અધિકારીઓને મળી આવેલ મોટર કારની ચાવી શ્રી હાર્દીક પંચાલની

છે. જે કારના માલિક શ્રી હાર્દીક પંચાલ છે. ફરિયાદી ડીપાર્ટમેન્ટના ઓફીસરો ધ્વારા સદરહુ કારની તપાસ કરવામાં આવતા તેમાંથી મે.અલ્ટ્રા પેકર્સ એન્ડ મુવર્સ, મે. શ્રી રામ રોડલાઈન, મે.સ્વસ્તિક લોજેસ્ટીકની બિલ બુક કારમાંથી મળી આવેલ. પંચનામામાં શ્રી જતીન સાકરીયાનો રોલ માત્ર એકાઉન્ટન્ટ તરીકેનો હોવાનુ દર્શાવવામાં આવેલ છે. પંચનામામાં દર્શાવેલ તમામ ૧૯ ફર્મસ શ્રી હાર્દીક પંચાલ ધ્વારા ઓપરેટ કરવામાં આવે છે. શ્રી હાર્દીક પંચાલ ધ્વારા ઈન્વોઈસ તથા ઈ–વે બિલ બનાવવામાં આવતા હતા. શ્રી વૈભવ બોરીચા આંગડીયા પેઢીના માણસ તરીકે કામ કરે છે. પંચનામામાં સદરહુ વૈભવ બોરીચા ધ્વારા બેન્કમાંથી નાણાં વિડ્રો કરી શ્રી હાર્દીક પંચાલને તેની ડીટેલ વોટસઅપ મારફતે આપવામાં આવતી હોવાનુ ખોટી રીતે દર્શાવવામાં આવેલ છે. શ્રી જતીન સાકરીયા માત્ર પગારદાર વ્યકિત તરીકે કામ કરતા હતા. શ્રી વૈભવ બોરીચા નાઓએ કોઈ બેન્કમાંથી હાર્દીક પંચાલ વતી કોઈ નાણાં ઉપાડેલ નથી.

૮. વધુમાં, અરજદાર /આરોપીના વિ.વ.શ્રીની મૌખિક દલીલો મુજબ, આ કામે રજુ થયેલ ગ્રાઉન્ડ ઓફ એરેસ્ટ અને રીઝન ટુ બિલીવના કારણોના દર્શાવેલ મે.એ.એચ. એન્જીનીયરીગ વર્કસ સાથે હાલના આરોપીનું કોઈ કનેકશન નથી. તમામ રીઝન ટુ બિલીવના કારણો અનુમાનને આધારે આપવામાં આવેલ છે. રીઝન ટુ બિલીવમાં દર્શાવેલ જુદી જુદી ફર્મસ સાથે આરોપીને કાંઈ લાગતુવળગતુ નથી. આરોપીએ આક્ષેપિત વ્યવહારોમાંથી કોઈ નાણાંકીય લાભ મેળવેલ નથી. આરોપી બોગસ બિલ તથા ઈ–વે બિલ બનાવવાના ગુનામાં સંકળાયેલ નથી. જેથી, જી.એસ.ટી. એકટની કલમ ૧૨૨(૩) મુજબ આરોપી સામેનો આક્ષેપિત ગુનો સાબિત થાય તો પણ તેઓ મહત્તમ રૂા.૨૫,૦૦૦/– પેનલ્ટી ભરવા જવાબદાર બની શકે તેમ છે.

૯. વધુમાં, અરજદાર /આરોપીના વિ.વ.શ્રીની મૌખિક દલીલો મુજબ, આ કામે રજુ થયેલ ગ્રાઉન્ડ ઓફ એરેસ્ટમાં રીઝન ટુ બિલીવના કારણોની વિગતોનું પુનરાવર્તન કરવામાં આવેલ છે. ગ્રાઉન્ડ ઓફ એરેસ્ટમાં જણાવેલ જુદી જુદી ફર્મસ સાથે હાલના

આરોપીને કાંઈ લાગતુવળગતુ નથી. આરોપીને અટક કરતા પહેલા તેઓને કોઈ સમન્સ કે નોટીસ ફાળવવામાં આવેલ નથી. શ્રી જતીન સાકરીયા માત્ર પગારદાર વ્યકિત તરીકે હાર્દીક પંચાલની ઓફીસમાં કામ કરે છે તેમજ શ્રી વૈભવ બોરીચા માત્ર આંગડીયા તરીકે કામ કરે છે. આક્ષેપિત ગુનામાં આરોપીને ખોટી રીતે સંડોવી દેવામાં આવેલ છે. શ્રી હાર્દીક પંચાલની કામગીરી બાબતે હાલના આરોપીને કોઈ માહિતી નથી. તપાસના કામે ફરિયાદપક્ષના અધિકારીઓ દ્વારા જરૂરી એવા તમામ દસ્તાવેજો અને ઈલેકટ્રોનિક ગેઝેટ કબજે કરવામાં આવેલ છે. આરોપીએ તપાસની કાર્યવાહી દરમ્યાન સંપુર્ણ સહકાર આપેલ છે. આરોપી નામદાર કોર્ટ જે કોઈ શરતો ફરમાવે તે તમામ શરતોનું ચુસ્તપણે પાલન કરવા તૈયાર છે. ઉપરોકત હકીકતો ધ્યાને રાખી અરજદાર/આરોપીને યોગ્ય શરતોએ આધીન જામીન ઉપર મુકત કરવા અરજ ગુજારેલ છે.

૧૦. વધુમાં, બચાવપક્ષના વિ.વ.શ્રી દ્વારા તેમની મૌખિક દલીલોના સમર્થનમાં નીચે મુજબના ન્યાયિક ચુકાદાઓ રજુ કરવામાં આવેલા છે.

| Sr.No. | Judgments |
|---|---|
| 1 | અત્રેની એડી.ચીફ જયુ.મેજિસ્ટ્રેટ, અમદાવાદની કોર્ટ દ્વારા ક્રિ.પર.અ. નં. ૧૧૧૧૯/૨૦૨૫ ની જામીન અરજીના કામે તા.૧૩/૧૦/૨૦૨૫ ના રોજ કરવામાં આવેલ હુકમ. |
| 2 | અત્રેની એડી.ચીફ જયુ.મેજિસ્ટ્રેટ, અમદાવાદની કોર્ટ દ્વારા ક્રિ.પર.અ. નં.૧૨૫૦/૨૦૨૬ ની જામીન અરજીના કામે તા.૧૯/૨/૨૦૨૬ ના રોજ કરવામાં આવેલ હુકમ. |
| 3 | Rohitkumar Parsotambhai Sanghani V/s. State of Gujarat, R/Cri.Misc.App. No 2111/2026, Dt.03/03/2026 |

૧૧. બચાવપક્ષના વિ.વ.શ્રી દ્વારા ઉપર મુજબની મૌખિક દલીલો થયા બાદ સદર કામે ફરિયાદપક્ષના સ્પે.પી.પી.શ્રી સુધીર ગુપ્તા પોતાની મૌખિક દલીલોમાં જણાવે છે કે, આરોપી જતીન સાકરીયા દ્વારા એકાઉન્ટન્ટ તરીકે કામગીરી કરી તેમજ આરોપી વૈભવ બોરીચા દ્વારા આંગડીયા મેન તરીકે કામ કરી અન્ય મુખ્ય આરોપી હાર્દીક પંચાલ સાથે ભેગા મળી ગુનાહિત કાવતરૂ રચી જુદી જુદી

૨૧ જેટલી બોગસ કંપનીઓ ઉભી કરી અને ખોટા બિલો બનાવી કુલ રકમ રૂા.૧૦૨ કરોડની ઈનપુટ ટેક્ષ ક્રેડીટ ખોટી રીતે મેળવવામાં આવેલ છે. હાલના પકડાયેલ આરોપી જતીન સાકરીયા અને વૈભવ બોરીચાનાઓ ધ્વારા ખોટી રીતે ઈનપુટ ટેક્ષ ક્રેડીટ મેળવવાનો ગુનો કરવામાં હાર્દીક પંચાલને મદદગારી કરવામાં આવેલ છે. શ્રી જતીન સાકરીયા ધ્વારા એકાઉન્ટન્ટ તરીકેની કામગીરી દરમ્યાન ખોટા બિલો અને ટેક્ષ ઈનવોઈસ તથા લેજર એન્ટ્રી બનાવી ખોટા જી.એસ.ટી. રીટર્ન ફાઈલ કરવામાં આવેલ છે. વધુમાં, આરોપી વૈભવ બોરીચા ધ્વારા આંગડીયા મેન તરીકે કામ કરી મુખ્ય વ્યકિત હાર્દીક પંચાલ વતી બેન્કમાંથી નાણાં ઉપાડી તેની વિગતો હાર્દીક પંચાલને આપવામાં આવેલ છે. વધુમાં, જી.એસ.ટી. એકટની કલમ ૭૦ મુજબ આરોપીના લેવામાં આવેલ સ્ટેટમેન્ટમાં તેઓએ આક્ષેપિત ગુનાની વિગતો કબુલ રાખેલ છે. વધુમાં, રજુ થયેલ એરેસ્ટ મેમો તે સરકારે મંજુર કરેલ પ્રિસ્ક્રાઈબ ફોર્મેટમાં હોવાથી તેમાં જી.એસ.ટી. એકટની કલમ ૧૩૨(૧) અને ૧૩૨(૨) ની તમામ જોગવાઈઓનો ઉલ્લેખ કરવામાં આવેલ છે. આરોપીને અટક કરવાના પુરતા કારણો ગ્રાઉન્ડ ઓફ એરેસ્ટમાં જણાવવામાં આવેલ છે. હાલના કામે પકડાયેલ બન્ને આરોપીઓ ધ્વારા ખોટી રીતે ઈનપુટ ટેક્ષ ક્રેડીટ મેળવવાના ગુનામાં ઈરાદાપુર્વક શ્રી હાર્દીક પંચાલને મદદગારી કરી ગુનામાં ભાગ ભજવેલ હોવાથી જી.એસ.ટી. એકટની કલમ ૧૩૨(૧) ની જોગવાઈઓ હેઠળ હાલના આરોપીઓ જવાબદાર બને છે. પંચનામાની વિગતો ખામીયુકત હોવાની બાબત તે પુરાવાનો વિષય છે. હાલ જામીન અરજીના તબકકે પંચનામાની વિગતો ગુણદોષ ઉપર ચકાસવી યોગ્ય નથી. હાલના આરોપીએ અન્ય આરોપીઓ સાથે ભેગા મળી રૂા.૫૪૪.૬૮ કરોડના ખોટા બિલો અને ઈનવોઈસ બનાવેલ છે. જેની ટેક્ષેબલ વેલ્યુ આશરે રૂા.૧૦૨.૨૫ કરોડ જેટલી થાય છે. જે તમામ વિગતો ધ્યાને રાખી આરોપીની જામીન અરજી નામંજુર કરવા અરજ ગુજારેલ છે.

**૧૨.** વધુમાં,ફરિયાદપક્ષના વિ.વ.શ્રી ધ્વારા તેમની ઉપર મુજબની મૌખિક દલીલોના સમર્થનમાં નીચે મુજબનો ન્યાયિક ચુકાદો રજુ કરવામાં આવેલ છે. જે ન્યાયિક ચુકાદો

અત્રેની અદાલત દ્વારા માનપુર્વક રીતે વંચાણે લેવામાં આવેલ છે.

| Sr.No. | Judgments |
|---|---|
| 1 | Nimmagadda Prasad V/s. CBI, 2013 CRI L J 3449 |

૧૩. હાલની જામીન અરજીના અનુસંધાને બન્ને પક્ષકારો દ્વારા કરવામાં આવેલ મૌખિક તથા લેખિત રજુઆતો ધ્યાને લીધી. પ્રોડકશન પેપર્સ તથા સાથેના તમામ કેસ કાગળો વંચાણે લીધા ફરિયાદપક્ષ દ્વારા આરોપીને અટક કરી સ્ટેટ જી.એસ.ટી.એકટ, ૨૦૧૭ ની કલમ ૧૩૨(૧)(બી) અને ૧૩૨(૧)(સી) મુજબના ગુનાના આક્ષેપો કરવામાં આવેલ છે, ત્યારે ઉપરોકત કાયદાકીય જોગવાઈ અહીં વંચાણે લેવી આવશ્યક હોય જે નીચે મુજબ છે.

### 132. Punishment for certain offences.

(1)Whoever commits any of the following offences, namely:-

(a)supplies any goods or services or both without issue of any invoice, in violation of the provisions of this Act or the rules made thereunder, with the intention to evade tax;

(b)issues any invoice or bill without supply of goods or services or both in violation of the provisions of this Act, or the rules made thereunder leading to wrongful availment or utilisation of input tax credit or refund of tax;

(c)avails input tax credit using such invoice or bill referred to in clause (b);

(d)collects any amount as tax but fails to pay the same to the Government beyond a period of three months from the date on which such payment becomes due;

(e)evades tax, fraudulently avails input tax credit or fraudulently obtains refund and where such offence is not covered under clauses (a) to (d);

(f)falsifies or substitutes financial records or produces fake accounts or documents or furnishes any false information with an intention to evade payment of tax due under this Act;

(g)obstructs or prevents any officer in the discharge of his duties under this Act;

(h)acquires possession of, or in any way concerns himself in transporting, removing, depositing, keeping, concealing, supplying, or purchasing or in any other manner deals with, any goods which he knows or has reasons to believe are liable to confiscation under this Act or the rules made thereunder;

(i)receives or is in any way concerned with the supply of, or in any other manner deals with any supply of services which he knows or has

reasons to believe are in contravention of any provisions of this Act or the rules made thereunder;

(j)tampers with or destroys any material evidence or documents;

(k)fails to supply any information which he is required to supply under this Act or the rules made thereunder or (unless with a reasonable belief, the burden of proving which shall be upon him, that the information supplied by him is true) supplies false information; or

(l)attempts to commit, or abets the commission of any of the offences mentioned in clauses (a) to (k) of this section, shall be punishable--

(i)in cases where the amount of tax evaded or the amount of input tax credit wrongly availed or utilised or the amount of refund wrongly taken exceeds five hundred lakh rupees, with imprisonment for a term which may extend to five years and with fine;

(ii)in cases where the amount of tax evaded or the amount of input tax credit wrongly availed or utilised or the amount of refund wrongly taken exceeds two hundred lakh rupees but does not exceed five hundred lakh rupees, with imprisonment for a term which may extend to three years and with fine;

(iii)in the case of any other offence where the amount of tax evaded or the amount of input tax credit wrongly availed or utilised or the amount of refund wrongly taken exceeds one hundred lakh rupees but does not exceed two hundred lakh rupees, with imprisonment for a term which may extend to one year and with fine;

(iv)in cases where he commits or abets the commission of an offence specified in clause (f) or clause (g) or clause (j), he shall be punishable with imprisonment for a term which may extend to six months or with fine or with both.

(2)Where any person convicted of an offence under this section is again convicted of an offence under this section, then, he shall be punishable for the second and for every subsequent offence with imprisonment for a term which may extend to five years and with fine.

(3)The imprisonment referred to in clauses (i), (ii) and (iii) of sub-section (1) and sub-section (2) shall, in the absence of special and adequate reasons to the contrary to be recorded in the judgment of the Court, be for a term not less than six months.

(4)Notwithstanding anything contained in the Code of Criminal Procedure, 1973, all offences under this Act, except the offences referred to in sub-section (5) shall be non-cognizable and bailable.

(5)The offences specified in clause (a) or clause (b) or clause (c) or clause (d) of sub-section (1) and punishable under clause (i) of that sub-section shall be cognizable and non-bailable.

(6)A person shall not be prosecuted for any offence under this section except with the previous sanction of the Commissioner.Explanation. - For the purposes of this section, the term "tax" shall include the amount of tax

evaded or the amount of input tax credit wrongly availed or utilised or refund wrongly taken under the provisions of this Act, the State Goods and Services Tax Act, the Integrated Goods and Services Tax Act or the Union Territory Goods and Services Tax Act and cess levied under the Goods and Services Tax (Compensation to States) Act.

**૧૪.** વધુમાં, ઉપરોકત કાયદાની કલમ ૬૯ નો ઉલ્લેખ પણ કરવો જરૂરી હોવાથી જે નીચે મુજબ છે:

### 69. Power to arrest.

(1)Where the Commissioner has reasons to believe that a person has committed any offence specified in clause (a) or clause (b) or clause (c) or clause (d) of sub-section (1) of section 132 which is punishable under clause (i) or (ii) of sub-section (1), or sub-section (2) of the said section, he may, by order, authorise any officer of central tax to arrest such person.

(2)Where a person is arrested under sub-section (1) for an offence specified under subsection (5) of section 132, the officer authorised to arrest the person shall inform such person of the grounds of arrest and produce him before a Magistrate within twenty-four hours.

(3)Subject to the provisions of the Code of Criminal Procedure, 1973,--

(a)where a person is arrested under sub-section (1) for any offence specified under sub-section (4) of section 132, he shall be admitted to bail or in default of bail, forwarded to the custody of the Magistrate;

(b)in the case of a non-cognizable and bailable offence, the Deputy Commissioner or the Assistant Commissioner shall, for the purpose of releasing an arrested person on bail or otherwise, have the same powers and be subject to the same provisions as an officer-in-charge of a police station.

**૧૫.** ઉપરોકત કાનુની જોગવાઈ ધ્યાને લેતાં, આરોપીને એરેસ્ટ કરતી વખતે ''Reasons to believe'' લેખિતમાં આપવા આવશ્યક છે. વધુમાં નામદાર સુપ્રિમ કોર્ટના ઠરાવ્યા મુજબ જી.એસ.ટી. એકટ તે પ્રોસિજરને લગતો સંપુર્ણ કાયદો નહિ હોવાથી ક્રિ.પ્રો.કોડ (હાલ બી.એન.એસ.એસ., ૨૦૨૩) ની જોગવાઈઓ તેને લાગુ પડે છે. જી.એસ.ટી.એકટની કલમ ૬૯ મુજબ જો કોઈ વ્યકિતએ કલમ ૧૩૨ ની પેટા કલમ (૧) ની કલમ (એ) થી (ડી) માં ઉલ્લેખિત કોઈપણ ગુનો રહેલ હોય, જે પેટા કલમ (૧) ની કલમ (i) અથવા (ii) અથવા ઉપરોકત કલમની પેટા કલમ (૨) હેઠળ સજાપાત્ર બને છે અને કેન્દ્રીય અથવા રાજય સરકારના કોઈપણ અધિકારીને આવી વ્યકિતની ધરપકડ કરવા માટે અધિકૃત કરી શકે છે. વધુમાં,

કાયદાકીય જોગવાઈ ધ્યાને લેતાં, આરોપીની ધરપકડનો આદેશ કરવા માટે, કમિશનરે નોંધાયેલા કારણો ધ્વારા સંતોષકારક રીતે બતાવવું આવશ્યક છે કે, આરોપીએ બિનજામીનપાત્ર ગુનો કરેલ છે અને કલમ ૧૩૨(૫) ની પુર્વ શરતો પુર્ણ કરેલ છે. હાલના કામે રેકર્ડ ઉપરના કાગળો વંચાણે લેતાં આરોપીને અટક કરતા પહેલા ફરિયાદપક્ષ ધ્વારા તેઓને લેખિતમાં ''Reasons to believe'' ના કારણો આપવામાં આવેલ છે. વધુમાં ફરિયાદપક્ષ ધ્વારા આરોપીની અટક કરતા પહેલા તેઓને લેખિતમાં ''Grounds of Arrest'' પણ આપવામાં આવેલ છે. જેથી ફરિયાદપક્ષ ધ્વારા આરોપીની અટક કરતાં પહેલા નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદા રાધિકા અગ્રવાલ વિ.યુનિયન ઓફ ઈન્ડીયામાં જણાવવામાં આવેલ ગાઈડલાઈન તેમજ જી.એસ.ટી.એકટ કલમ ૬૯ ની જોગવાઈઓ નું પાલન કરવામાં આવેલ હોવાનું હાલ પ્રાથમિક તબકકે ફલીત થાય છે.

**૧૬.** વધુમાં, બચાવપક્ષના વિ.વ.શ્રી ધ્વારા તેમની મૌખિક દલીલોમાં સૌપ્રથમ અત્રેની અદાલતનું ધ્યાન આ કામે રજુ થયેલ આરોપીના એરેસ્ટ મેમા તરફ દોરી સદર એરેસ્ટ મેમામાં આરોપીને ગુનાહિત કાવતરામાં મુખ્ય સુત્રધાર વ્યકિત તરીકે ખોટી રીતે દર્શાવવામાં આવેલ હોવાની તેમજ એરેસ્ટ મેમામાં આક્ષેપિત ગુનાની કોઈ ચોકકસ કલમ જણાવવામાં આવેલ નહિ હોવાની તકરાર ઉઠાવવામાં આવેલ છે. જે તકરાર ધ્યાને રાખી આ કામે પ્રોડકશન રીપોર્ટ સાથે રજુ ગ્રાઉન્ડ ઓફ એરેસ્ટ તથા રીઝન ટુ બિલીવ ધ્યાને લેતાં તેમાં આરોપીને જી.એસ.ટી. એકટની કલમ ૧૩૨(૧)(બી) એન્ડ (સી) ની જોગવાઈ હેઠળ અટક કરેલ હોવાનું સ્પષ્ટપણે જણાવેલ હોય તેમજ પ્રોડકશન રીપોર્ટ સાથે સામેલ કેસ કાગળો તેમજ રજુ થયેલ આરોપીનું કલમ ૭૦ હેઠળનું નિવેદન લક્ષમાં લેતાં તેમાં હાલના આરોપીએ મુખ્ય આરોપી હાર્દીક પં ચાલને ગુનામાં મદદગારી કરવા તેમની એકાઉન્ટન્ટ તરીકેની કામગીરી દરમ્યાન ખોટા ટેક્ષ ઈનવોઈસ/ ઈ–વે બિલ અને લેજર બનાવી જી.એસ.ટી. રીટર્ન ફાઈલ કરેલ હોવાના આક્ષેપો મુકવામાં આવેલ છે ત્યારે હાલ પ્રાથમિક તબકકે એરેસ્ટ મેમામાં જણાવેલ હાલના આરોપી તે ગુનાના મુખ્ય સુત્રધાર હોવાની હકીકતો નહિ

માનવાને કોઈ કારણ રહેતુ ન હોય બચાવપક્ષના વિ.વ.શ્રીની ઉપર મુજબની મૌખિક તકરાર હાલની જામીન અરજીના કામે ગ્રાહય રહી શકે તેમ નથી.

**૧૭.** વધુમાં, બચાવપક્ષના વિ.વ.શ્રી દ્વારા તેમની મૌખિક દલીલો દરમ્યાન જામીન અરજી સાથે એનેક્ષર–સી થી રજુ કરેલ પંચનામાની વિગતો તરફ અત્રેની અદાલતનું ઘ્યાન દોરી સદરહુ પંચનામાની કાર્યવાહી રાજકોટ મુકામે થયેલ હોવા છતાં તેના પંચ સાહેદો અમદાવાદના હોવાની તકરાર ઉઠાવવામાં આવેલ છે. બચાવપક્ષના વિ.વ.શ્રીની ઉપર મુજબની તકરાર ઘ્યાને રાખી રેકર્ડ ઉપરની હકીકતો લક્ષમાં લેતાં એનેક્ષર–સી થી રજુ થયેલ પંચનામાની વિગતોની સત્યતા હાલ જામીન અરજીની સુનાવણીના તબકકે ચકાસવાની રહેતી નથી. વધુમાં, પંચનામામાં દરેક પેજ ઉપર આરોપી શ્રી જતીન સાકરીયાની એકાઉન્ટન્ટ તરીકે સહી મેળવવામાં આવેલ છે. જે હકીકત ઘ્યાને લેતાં પંચનામા સામે બચાવપક્ષના વિ.વ.શ્રી દ્વારા ઉઠાવવામાં આવેલ મૌખિક તકરાર હાલના તબકકે ગ્રાહય રહી શકે તેમ નથી.

**૧૮.** વધુમાં બચાવપક્ષના વિ.વ.શ્રી દ્વારા જી.એસ.ટી. એકટની કલમ ૧૩૨(૧) તરફ અત્રેની અદાલતનું ઘ્યાન દોરી હાલના આરોપીએ કોઈ બેનીફીટ રીટેઈન કરેલ નહિ હોવાની તકરાર ઉઠાવેલ છે ત્યારે રજુ થયેલ તપાસના કાગળો તેમજ આરોપી જતીન સાકરીયાનું નિવેદન ઘ્યાને લેતાં તેઓએ એકાઉન્ટન્ટ તરીકેની કામગીરી દરમ્યાન ગેરકાયદેસર રીતે ખોટા બિલો અને ઈનવોઈસ બનાવેલ હોવાનું રેકર્ડ ઉપર આવેલ છે ત્યારે આરોપીએ આક્ષેપિત ગુનો કરેલ નહિ હોવાનું હાલના તબકકે ઠરાવવું યોગ્ય અને ન્યાયોચિત જણાઈ આવતું નથી.

**૧૯.** વધુમાં બચાવપક્ષના વિ.વ.શ્રી દ્વારા તેમની મૌખિક દલીલો દરમ્યાન અત્રેની અદાલતનું ઘ્યાન જી.એસ.ટી. એકટની કલમ ૧૨૨(૩) તરફ દોરી હાલના આરોપીનો સમાવેશ ''Any person'' માં થતો હોવાથી આરોપીની સામે આક્ષેપિત ગુનો સાબિત થાય તો પણ તેઓ મહત્તમ પેનલ્ટી રૂા.૨૫,૦૦૦/– ભરવા જવાબદાર બનતા હોવાની દલીલો કરવામાં આવેલ છે ત્યારે જી.એસ.ટી. એકટની કલમ ૧૨૨ હેઠળની કાર્યવાહી કલમ ૭૩ અને ૭૪ મુજબ ડીપાર્ટમેન્ટલ પ્રોસિડીંગ્સ હોવાથી તેમાં

જણાવેલ પેનલ્ટીની જવાબદારી તે સિવિલ પ્રકારની હોવાથી તેમજ કલમ ૧૩૨ મુજબ આરોપીની ક્રિમીનલ લાયાબિલીટી ઉપસ્થિત થતી હોવાથી, હાલના આરોપી સામે ગુનો સાબિત થાય તો પણ માત્ર કલમ ૧૨૨(૩) હેઠળ જવાબદાર બનતા હોવાનું હાલના તબકકે માની શકાય તેમ નથી.

**૨૦.** ફરિયાદપક્ષે રજુ થયેલ તપાસના કાગળો તેમજ આરોપીના કલમ ૭૦ હેઠળના સ્ટેટમેન્ટ ધ્યાને લેતાં આરોપી જતીન સાંકરીયાનાઓ ધ્વારા એકાઉન્ટન્ટ તરીકેની કામગીરી દરમ્યાન ગુનાના મુખ્ય સુત્રધાર વ્યકિત હાર્દીક પંચાલને સીધી રીતે મદદ કરવા ખોટા ટેક્ષ ઈનવોઈસ/ઈ–વે બિલ અને લેજર એકાઉન્ટ બનાવી જી.એસ.ટી. રીટર્ન ફાઈલ કરેલ હોવાનું અને હાર્દીક પંચાલની સુચના મુજબ હાલના આરોપીએ ખોટી બિલ બુકોનો ઉપયોગ કરી ગુનામાં સક્રીયપણે મદદગારી કરેલ હોવાનું હાલ પ્રાથમિક તબકકે ફલીત થાય છે. વધુમાં, સદર કામે પકડાયેલ અન્ય આરોપી વૈભવ બોરીચાનાઓ ધ્વારા ગુનાના મુખ્ય સુત્રધારા હાર્દીક પંચાલને મદદગારી કરવા તેમની આંગડીયા મેન તરીકેની કામગીરી કરી હાર્દીક પંચાલની સુચના મુજબ બેન્કમાંથી કેશ વિડ્રો કરી ખોટી રીતે હાર્દીક પંચાલ વતી તમામ પ્રકારના કેશ ટ્રાન્ઝેકશનો કરી અને જે કેશ ટ્રાન્ઝેકશનો બદલ પોતાનું કમિશન મેળવી ગુનામાં સક્રીયપણે ભાગ ભજવેલ હોવાનું હાલ પ્રાથમિક તબકકે ફલીત થાય છે.

**૨૧.** વધુમાં બચાવપક્ષના વિ.વ.શ્રી ધ્વારા હાલની જામીન અરજીના સમર્થનમાં રજુ થયેલ ન્યાયિક ચુકાદાઓ ધ્યાને લેતાં ક્રમ નં.૧ થી અત્રેની અદાલતે ફેસલ કરેલ જામીન અરજી નં.૧૧૧૧૯/૨૫ નો તા.૧૩/૧૦/૨૦૨૫ ના રોજનો હુકમ રજુ કરેલ છે જે જામીન અરજી હેઠળનો હુકમ ધ્યાને લેતા અત્રેની અદાલત ધ્વારા આરોપીની રેગ્યુલર જામીન અરજી રદ્દ કરવાનો હુકમ કરવામાં આવેલ છે ત્યારે સદરહુ હુકમ હાલની જામીન અરજીના કામે બચાવપક્ષને મદદરૂપ બની શકે તેમ નથી. વધુમાં, બચાવપક્ષના વિ.વ.શ્રી ધ્વારા ક્રમ નં.૨ થી રજુ થયેલ ચુકાદો ધ્યાને લેતાં તે અત્રેની અદાલત ધ્વારા જામીન અરજી નં.૧૨૫૦/૨૬, તા.૧૯/૨/૨૦૨૬ નો હુકમ છે જે હુકમ ધ્યાનપુર્વક વંચાણે લેતાં આરોપી સામે તપાસ પુર્ણ કરી ફરિયાદી

ડીપાર્ટમેન્ટ દ્વારા અત્રેની અદાલતમાં ફરિયાદ (ચાર્જશીટ) દાખલ કરવામાં આવેલ હોવાથી તેમજ નામદાર સેશન્સ કોર્ટ દ્વારા સદર ગુનાના અન્ય આરોપીને આજ મુદ્દા ઉપર જામીન મુકત કરવામાં આવેલ હોવાથી અત્રેની અદાલત દ્વારા જામીન અરજી નં .૧૨૫૦/૨૬ ના આરોપીને યોગ્ય શરતોને આધીન જામીન મુકત કરવા હુકમ કરવામાં આવેલ છે. હાલના કામે આરોપી સામેના આક્ષેપિત ગુનાની તપાસ હાલ પ્રારંભિક તબકકામાં છે. આક્ષેપિત ગુનાની તપાસ પુર્ણ થયેલ નથી ત્યારે જામીન અરજી નં.૧ ૨૫૦/૨૬ નો હુકમ આ કામે પકડાયેલ હાલના આરોપીની તરફેણમાં વંચાણે લઈ શકાય તેમ નથી. વધુમાં, બચાવપક્ષના વિ.વ.શ્રી દ્વારા ક્રમ નં.૩ થી નામદાર ગુજરાત હાઈકોર્ટે Rohitkumar Parsotambhai Sanghani V/s. State of Gujarat, R/Cri.Misc.App. No 2111/2026, Dt.03/03/2026 ના કામે કરેલ હુકમ રજુ કરવામાં આવેલ છે જેમાં પણ નામદાર હાઈકોર્ટ દ્વારા આરોપી સામે ગુનાની ફરિયાદ(ચાર્જશીટ) દાખલ થયેલ હોવાનું નોંધેલ છે ત્યારે સદરહુ હુકમ પણ હાલ આરોપીને મદદરૂપ બની શકે તેમ નથી.

**૨૨.** વધુમાં, ફરિયાદપક્ષના સ્પે.પી.પી.શ્રી દ્વારા હાલની જામીન અરજીના વિરૂધ્ધમાં રજુ થયેલ ન્યાયિક ચુકાદા **Nimmagadda Prasad V/s. CBI, 2013 CRI L J 3449** ના અગત્યના એવા પેરા વંચાણે લેવા આવશ્યક હોય જે નીચે મુજબ છે:

26) Unfortunately, in the last few years, the country has been seeing an alarming rise in white-collar crimes, which has affected the fiber of the country's economic structure. Incontrovertibly, economic offences have serious repercussions on the development of the country as a whole. In State of Gujarat vs. Mohanlal Jitamalji Porwal and Anr. (1987) 2 SCC 364 this Court, while considering a request of the prosecution for adducing additional evidence, inter alia, observed as under:-

> "5.....The entire Community is aggrieved if the economic offenders who ruin the economy of the State are not brought to book. A murder may be committed in the heat of moment upon passions being aroused. An economic offence is committed with

cool calculation and deliberate design with an eye on personal profit regardless of the consequence to the Community. A disregard for the interest of the Community can be manifested only at the cost of forfeiting the trust and faith of the Community in the system to administer justice in an even handed manner without fear of criticism from the quarters which view white collar crimes with a permissive eye unmindful of the damage done to the national economy and national interest…."

27) While granting bail, the court has to keep in mind the nature of accusations, the nature of evidence in support thereof, the severity of the punishment which conviction will entail, the character of the accused, circumstances which are peculiar to the accused, reasonable possibility of securing the presence of the accused at the trial, reasonable apprehension of the witnesses being tampered with, the larger interests of the public/State and other similar considerations. It has also to be kept in mind that for the purpose of granting bail, the Legislature has used the words "reasonable grounds for believing" instead of "the evidence" which means the Court dealing with the grant of bail can only satisfy it as to whether there is a genuine case against the accused and that the prosecution will be able to produce prima facie evidence in support of the charge. It is not expected, at this stage, to have the evidence establishing the guilt of the accused beyond reasonable doubt.

28) Economic offences constitute a class apart and need to be visited with a different approach in the matter of bail. The economic offence having deep rooted conspiracies and involving huge loss of public funds needs to be viewed seriously and considered as grave offences affecting the economy of the country as a whole and thereby posing serious threat to the financial health of the country.

**૨૩.** ઉપરોકત ન્યાયિક ચુકાદો ધ્યાને લેતાં, આર્થિક ગુનાઓને ગંભીરતાથી ધ્યાને લેવા આવશ્યક છે. આર્થિક ગુનાઓને કારણે દેશના નાણાંકીય માળખાને ગંભીર નુકશાન

થાય છે. હાલના કામે ટેક્ષ ચોરી કરી બુધ્ધીથી ગુનો આચરવામાં અરજદાર/આરોપીનો પ્રાઈમાફેશી અને મહત્વનો રોલ હોવાનું જણાઈ આવે છે. બન્ને પક્ષે રજુ થયેલા ચુકાદાઓ ધ્યાને લેવામાં આવે તો આરોપીને જામીન મુકત કરવા યોગ્ય જણાતું નથી. વધુમાં જયારે તપાસ ચાલુ હોય ત્યારે જી.એસ.ટી.ના ગુનામાં આરોપીને જામીન મુકત કરવા યોગ્ય જણાઈ આવતું નથી. વધુમાં સદરહુ પ્રકારનો ગુનો વાઈટ કોલર ક્રાઈમ, મોટા આર્થિક વ્યવહારો ને લગતો ગુનો છે. આવા આર્થિક,વાઈટ કોલર,દેશના અર્થતંત્રને નુકશાન પહોંચાડતા ગુનામાં જામીન અરજી મંજુર કરવામાં આવે તો સમાજ ઉપર અવડી અસર પડે, આરોપી નાસીભાગી જાય અને ટ્રાયલમાં વિલંબ થાય તેમજ આરોપી વધુ પુરાવાઓ નાશ કરે તેમજ બીજા પુરાવાઓ રેકર્ડ ઉપર આવવા ન દે અને ટેમ્પર કરે તેવી પણ સંભાવના રહેલ છે તે તમામ સંજોગોમાં અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવા યોગ્ય જણાઈ આવતું ન હોય ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## હુકમ

૧) File No.DGGI/AZU/INT/GST/2728/2025-GrC, સેન્ટ્રલ જી.એસ.ટી. અધિનિયમ, ૨૦૧૭ ની કલમ 132(1)(b), 132(1)(c) ના કામે અરજદાર/ આરોપી : **Sakariya Jatin Maheshbhai** ની રેગ્યુલર જામીન અરજી (ફોજદારી પરચુરણ અરજી નં.૨૨૭૩/૨૦૨૬) **નામંજુર (૨૬)** કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ ખુલ્લી અદાલતમા વાંચી, સંભળાવી સહી કરી જાહેર કર્યો.

તા. ૧૧/૦૩/૨૦૨૬
અમદાવાદ(સીટી).

**(ડી.એચ. ખંભાતી)**
એડી. ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,
અમદાવાદ (સીટી)(GJ00866)